નં.ડીએમ/પરીક્ષા/૨૭૦૩/૨૦૨૪
જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, જામનગર.
તા.૨૬/૦૩/૨૦૨૪

## ફોજદારી કાર્યરીતિ અધિનિયમ–૧૯૭૩ ની કલમ–૧૪૪ અન્વયેનો હુકમ

રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા આગામી તા.૩૦/૦૩/૨૦૨૪ ને શનિવારના રોજ સમગ્ર ગુજરાત રાજ્યમાં 'મુખ્યમંત્રી જ્ઞાન સાધના પરીક્ષા–૨૦૨૪'ની પરીક્ષા લેવાનાર છે. આ પરીક્ષા દરમ્યાન ચોરીના દુષણના કારણે તેજસ્વી વિદ્યાર્થીઓને નિયમોનુસાર પરીક્ષા આપવામાં અડચણ થવાની સંભાવના રહે છે. આ ચોરીના દુષણમાં પ્રશ્નપત્રો કે તેના તૈયાર ઉતરો કોપીયર મશીન દ્વારા સત્વરે તૈયાર થઈ પરીક્ષા ખંડમાં પહોંચવાથી તેમજ મોબાઈલ ફોનથી પરીક્ષાર્થીને મદદ કરવાના બનાવોના કારણે તેજસ્વી વિદ્યાર્થીઓ કે જેઓ નિયમ અનુસાર પરીક્ષા આપતા હોય તેવા વિદ્યાર્થીઓને માનસિક પરિતાપ થવાની સંભાવના છે, આથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ–૧૯૭૩ ની કલમ–૧૪૪ મુજબ પગલા લેવા પ્રતિબંધિત હુકમો કરવા માટે પુરતુ કારણ હોવાનું જણાતા તેમ કરવું ઈચ્છનિય છે, એવો મારો અભિપ્રાય છે.

તેથી હું,ભાવેશ **એન. ખેર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર, જિલ્લો: જામનગર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ–૧૯૭૩ ની કલમ–૧૪૪ મુજબ** મને મળેલી સત્તાની રૂએ ફરમાવુ છું કે, જામનગર જિલ્લામાં ઉક્ત પરીક્ષા માટે નકકી કરાયેલા **પરિશિષ્ટ મુજબના પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના ૧૦૦ મીટરના** વિસ્તારની હદમાં કોપીયર મશીન દ્વારા કોપીનો વ્યવસાય કરતા ધંધાર્થીઓ તથા અંગત ઉપયોગ માટે વપરાશ કરતા (સરકારી/અર્ધસરકારી કે જાહેર સાહસો સિવાયના) કોપીયર મશીન ધારકોએ **પરીક્ષા કેન્દ્રોની આસપાસ તા.૩૦/૦૩/૨૦૨૪ ને શનિવારના રોજ સવારના ૧૪:૦૦ કલાકથી સાંજના ૧૮:૦૦ કલાક સુધી** તેઓના કોપીયર મશીનો દ્વારા પરીક્ષા વિષયક પત્રો, દસ્તાવેજી કાગળોની નકલો કાઢવી નહીં. ઉપરાંત પરિશિષ્ટમાં જણાવેલ પરીક્ષા કેન્દ્રોમાં કોઈએ મોબાઈલ, ઈલેકટ્રોનિક સાધનો, કેલ્કયુલેટર, ઈલેકટ્રોનિક વોચ કે અન્ય અનાધિકૃત સાહિત્ય વિ. સાથે પ્રવેશ કરવા પર અને પરીક્ષા કેન્દ્રોની આસપાસ લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

આ જાહેરનામાંની લોકોને સહેલાઈથી જાણ થાય તેવી રીતે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જામનગરએ બહોળી પ્રસિધ્ધિ કરવી. આ હુકમનો ભંગ કરનાર ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ–૧૮૮ તળે શિક્ષાપાત્ર થશે.

આ જાહેરનામાંના ભંગ કરનાર ઈસમો વિરુધ્ધ પગલા લેવા માટે થાણાના હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને ભારતના ફોજદારી અધિનિયમ–૧૮૬૦ (૪૫ અધિનિયમ) ની કલમ–૧૮૮ અન્વયે ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૮ માહે : માર્ચ–૨૦૨૪ ના રોજ મારી સહી કરી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડયો.

(ભાવેશ એન. ખેર)
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
જામનગર

નકલ સવિનય રવાના :-

પ્રિન્સીપાલ  ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજશ્રી, જામનગર

નકલ રવાના :-

૧. પોલીસ અધિક્ષકશ્રી, જામનગર.

૨. સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, જામનગર(શહેર/ગ્રામ્ય)/લાલપુર/ ધ્રોલ

૩. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જામનગર.

...ઉકત જાહેરનામાંની વધારાની નકલો કરાવી સંબંધકર્તા પરીક્ષા કેન્દ્રો પર પ્રસિધ્ધ કરી તે અંગેનારોજકામની નકલો આપના દફતરે રાખવા સારું.

૪. મામલતદારશ્રી, જામનગર(શહેર/ગ્રામ્ય) / લાલપુર/જામજોધપુર/ કાલાવડ/ધ્રોલ/ જોડીયા

૫. મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ

...ઉકત જાહેરનામું સરકારી રાજયપત્રમાં પ્રસિધ્ધ કરી તેની બે નકલો અત્રેને મોકલી આપવા વિનંતી સહ.

૬. નાયબ માહિતી નિયામકશ્રી, જામનગર.

...ઉકત હુકમની અખબારી યાદી રૂપે રાજકોટ તેમજ જામનગરથી પ્રસિધ્ધ થતા દૈનિક વર્તમાનપત્રોમાંવિનામુલ્યે પ્રસિધ્ધી અપાવવા સારૂ.

૭. સિલેકટ ફાઈલે

આ કચેરીના તા.૨૮/૦૩/૨૦૨૪ના જાહેરનામાં નં.ડીએમ/પરીક્ષા/૨૭૦૩/૨૦૨૪ નું

**પરિશિષ્ટ**

| ક્રમ | પરિક્ષા સ્થળનું નામ | તાલુકો | પરિક્ષા સ્થળનું સરનામું |
|---|---|---|---|
| ૧ | શ્રી હરધ્રોલ સરકારી હાઈ –ધ્રોલ | ધ્રોલ | ધ્રોલ – રાજકોટ રોડ, મુ. ધ્રોલ, જી. જામનગર |
| ૨ | શ્રી એમ.ડી.મહેતા ગર્લ્સ હાઈ ધ્રોલ | ધ્રોલ | દરબારગઢ –ધ્રોલ |
| ૩ | શ્રી જી.એમ.પટેલ કન્યા વિદ્યાલય–ધ્રોલ યુનિટ ૧ | ધ્રોલ | રાજકોટ રોડ,બાવની નદી પાસે –ધ્રોલ |
| ૪ | શ્રી સ.વ.પ.હાઈસ્કૂલ–જામજોધપુર | જામજોધપુર | રેલ્વે સ્ટેશનની બાજુમાં જામજોધપુર |
| ૫ | શ્રી એન.એન.સંતોકી સાર્વજનિક કન્યા વિદ્યાલય જામજોધપુર | જામજોધપુર | રામવાડી સામે જામજોધપુર |
| ૬ | શ્રી મધર ટેરેસા હાઈસ્કૂલ–જામજોધપુર | જામજોધપુર | ગીગણી રોડ,જામજોધપુર |
| ૭ | શ્રી નગર પંચાયત કન્યા વિદ્યાલય–જામજોધપુર | જામજોધપુર | ન્યાય મંદિરની બાજુમાં, જામજોધપુર |
| ૮ | નેશનલ હાઈસ્કૂલ – જામનગર | જામનગર સીટી | ખંભાલીયા દરવાજા બહાર, આર્ય સમાજ રોડ, જી. જામનગર |
| ૯ | શ્રી નંદન વિદ્યાલય જામનગર | જામનગર સીટી | નંદનવન સોસાયટી–૨ નંદનવન પાર્ક,રણજીત સાગર રોડ જામનગર |
| ૧૦ | શ્રી આર.આર.શાહ હાઈસ્કૂલ–જામનગર | જામનગર સીટી | રણજીત સાગર રોડ, મારું કંસારા સમાજ સામે, લાલપુર રોડ |
| ૧૧ | શ્રી જે.કે.સોની કન્યા વિદ્યાલય જામનગર યુનિટ –જ્ઞાન સાધના | જામનગર સીટી | શાંતિનગર,જનતા ફાટકપાસે જામનગર |
| ૧૨ | પ્રણામી માધ્યમિક શાળા – જામનગર | જામનગર સીટી | નવાનગર બેંક સામે, જામનગર |
| ૧૩ | શ્રી એલ.જી.હરીયા હાઈસ્કૂલ – જામનગર | જામનગર સીટી | રણજીત નગર પાછળ, જામનગર |
| ૧૪ | સોઢા ઉમેદસિંહજી હાઈસ્કુલ | જામનગર સીટી | ખોડિયાર કોલોની જામનગર |
| ૧૫ | ક્રિશ્ના સાયન્સ સ્કુલ | જામનગર સીટી | રોયલ પુષ્પ પાર્ક ,ખોડિયાર કોલોની જામનગર |
| ૧૬ | શ્રી ડી.સી.સી.વિવિધલક્ષી હાઈસ્કૂલ–જામનગર | જામનગર સીટી | સાત રસ્તા નજીક,પ્રદર્શન ગ્રાઉન્ડ સામે–જામનગર |
| ૧૭ | શ્રી. ડી. એસ. ગોજીયા | જામનગર સીટી | પી.એન. માર્ગ અંબર ટોકીજ પાસે જામનગર |
| ૧૮ | શારદા મંદિર હાઈસ્કૂલ–જામનગર | જામનગર સીટી | લીમડા લાઈન જામનગર |
| ૧૯ | સોઢા રસીલાબા કન્યા વિદ્યાલય – જામનગર | જામનગર સીટી | લીમડા લાઈન જામનગર |
| ૨૦ | શ્રીમતી ગુ.સા.મહેતા કન્યા વિદ્યાલય–જામનગર | જામનગર સીટી | સ્ત્રી વિકાસ ગૃહ બાજુમાં,વિકાસ ગૃહ રોડ–જામનગર |
| ૨૧ | સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ –જામનગર | જામનગર સીટી | પંડિત નહેરુ રોડ,ડી.કે.વી.સર્કલ–જામનગર |
| ૨૨ | શ્રી સત્યસાઈ હાઈસ્કૂલ યુનિટ–૧ જામનગર | જામનગર સીટી | અમર વિલાસ કોમ્પ્લેક્ષ,પેલેસ રોડ–જામનગર |
| ૨૩ | સેન્ટ મેરી | જામનગર સીટી | વિનાયક પાર્ક |
| ૨૪ | શ્રીમતી યુ.પી.વી.કન્યા વિદ્યાલય–જોડિયા | જોડિયા | દરબારગઢ રોડ –જોડિયા |

| | | | |
|---|---|---|---|
| ૨૫ | શ્રી સાઈ માધ્યમિક શાળા જોડિયા | જોડિયા | જામનગર કચ્છ જંકશન જોડિયા |
| ૨૬ | શ્રી બી.ડી.કાલરીયા હાઈસ્કૂલ–જાંબુડા પાટિયા | જાંબુડા પાટિયા | જામનગર રાજકોટ હાઈ–વે–જાંબુડા પાટિયા |
| ૨૭ | શ્રી બી.બી.એન્ડ પી.બી.હીરપરા કન્યા વિધાલય –કાલાવડ | કાલાવડ | પાવર હાઉસની બાજુમાં,જામનગર રોડ કાલાવડ |
| ૨૮ | શ્રી જે.પી.એસ.હાઈસ્કૂલ કાલાવડ | કાલાવડ | રણુજા રોડ,બોમ્બે માર્કેટ પાસે કાલાવડ |
| ૨૯ | શ્રી દિવ્યજ્યોત વિધાલય –કાલાવડ | કાલાવડ | મીઠી વાડી,ભગવતી પરાની બાજુમાં ધોરાજી રોડ–કાલાવડ |
| ૩૦ | શ્રીમતી મુક્તાબેન કન્યા વિધાલય કાલાવડ | કાલાવડ | કાલાવડ શીતલા |
| ૩૧ | વીર સાવરકર હાઈસ્કૂલ –લાલપુર | લાલપુર | મેઈન રોડ –લાલપુર |
| ૩૨ | શ્રી એલ.એલ.એ.મહેતા કન્યા વિધાલય લાલપુર | લાલપુર | મેઈન રોડ –લાલપુર |
| ૩૩ | શ્રી સહકાર હાઈસ્કૂલ– લાલપુર | લાલપુર | લાલપુર |
| ૩૪ | શ્રી રઝવી હાઈસ્કૂલ – લાલપુર | લાલપુર | લાલપુર |
| ૩૫ | શ્રી માધવ હાઈસ્કૂલ(પરિશ્રમ)–લાલપુર | લાલપુર | જામનગર રોડ લાલપુર |
| ૩૬ | શ્રી સંદીપની વિધાલય –લાલપુર | લાલપુર | પ્રાંત ઓફીસ પાસે,મચ્છુનગર –લાલપુર |
| ૩૭ | શ્રી. જી.ઈ.બી. વિધાલય – સિક્કા | સિક્કા તા.જામનગર | ટી.પી.એસ. કોલોની. સિક્કા |

Office of the District Magistrate
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી જામનગર (જિલ્લો)
સત્યમેવ જયતે
ગુજરાત રાજ્ય
Jamnagar District

(ભાવેશ એન. ખેર)
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
જામનગર